વ્યારામાં શેરડીના નાણાં ન મળતા ૨૪ દિવસથી ખેડૂતોનાં ધરણાં યથાવત

સરકારના ફંડમાંથી નિયમ મુજબ ૧૫% વ્યાજ સાથે ખેડૂતોના નાણાં તુરંત ચૂકવી આપોઃ ઈસુદાન ગઢવી

વ્યારાઃ શેરડીના બાકી લેણાં મુદ્દે વ્યારા ખાતે છેલ્લાં ૨૪ દિવસથી ખેડૂતોના ધરણાં યથાવત્ રહ્યાં છે ત્યારે ગતરોજ આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવીએ ધરણાં સ્થળે પહોંચી ખેડૂતોની મુલાકાત લીધી હતી.

ધરણાં સ્થળે પહોંચીને ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભાજપ સરકાર જાણે ખેડૂતો માટે કાળ બનીને આવી હોય તેમ અહીંના ખેડૂતો ગત બીજી ઓક્ટોબરથી અંદાજે ૨૪ દિવસથી પોતાની શેરડીના બાકી નીકળતા રૂપિયા ન મળવાને કારણે ધરણા પર બેઠા છે. સુગર ફેક્ટરી બંધ પડી હોવાથી ચાલુ કરાવાયા બાદ આગેવાનો અને નેતાઓની અપીલથી ખેડૂતોએ શેરડી વાવીને ફેક્ટરીને આપી હતી, પરંતુ સુગર ફેક્ટરી અને તેમાં બેઠેલા નેતાઓ શેરડી અને તેના બીજા તથા ત્રીજા હપ્તાના આશરે ૯ થી ૧૦ કરોડ રૂપિયા ખાઈ ગયા છે. પરિણામે અનાજ-કરિયાણા વાળા તથા ટ્રેક્ટર વાળાના ઉઘરાણાથી ખેડૂતોની જન્માષ્ટમી અને દિવાળી બંને બગડી ગઈ છે, અને સરકાર તથા જવાબદાર અધિકારીઓએ હાથ ઊંચા કરી દીધા છે. આપ નેતા ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે જો સરકાર કે નેતાઓમાં જવાબદારી હોય તો તેઓ પોતાના પગારમાંથી, એક દિવસ ચાર્ટર પ્લેન કે હેલિકોપ્ટર ઉડાડવાનું બંધ કરીને અથવા સરકારના ફંડમાંથી ખિસ્સામાંથી નહીં પણ નિયમ મુજબ ૧૫% વ્યાજ સાથે ખેડૂતોના નાણાં તુરંત ચૂકવી આપે. તેમણે ઉમેર્યું કે ખેડૂતોના રોકાયેલા નાણાં પાછા મેળવવા માટે તેઓ પોતે, તેમની ટીમ અને જરૂર પડ્યે લીગલ ટીમ અભ્યાસ કરીને જવાબદારો સામે કોર્ટમાં છેતરપિંડીની ફરિયાદ કરવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુગર ફેક્ટરીમાં પરસેવો રેડીને શેરડી આપવા છતાં ચેરમેન અને એમડી દ્વારા ૧૫ અને ૨૩ તારીખના લેખિત તથા મૌખિક વાયદાઓ આપીને ખેડૂતો સાથે વારંવાર છેતરપિંડી કરવામાં આવી છે. સરકારને અપીલ છે કે તાત્કાલિક ધોરણે ખેડૂતોના નાણાં ચૂકવવામાં આવે અને કસ્ટોડિયન કમિટીના તમામ સભ્યોની ધરપકડ કરી તેમની પ્રોપર્ટી જપ્ત કરીને કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

કાંકરીયા ગામે આધેડનો આપઘાત

અનાવલઃ મહુવાના કાંકરીયા ગામે હોળી ફળિયામાં રહેતા એક ૪૭ વર્ષીય આધેડે પોતાના ઘરમાં અગમ્ય કારણોસર લોખંડના પાઈપ સાથે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી વિગતો અનુસાર કાંકરીયા ગામના હોળી ફળિયામાં રહેતા ઈશ્વરભાઈ નસંવતભાઈ હળપતિ (ઉં.વ. ૪૭) ગામમાં જ અમરતભાઈ ભુલીયાભાઈ હળપતિને ત્યાં મજૂરીકામ કરતા હતા. છેલ્લા બે-એક દિવસથી તેઓ કામ પર ગયા ન હતા. દરમિયાન તા.૨૪/૧૦/૨૦૨૬ના રોજ બપોરના આશરે ૧૫/૫૦ (૩:૫૦) વાગ્યાના સુમારે તેમણે પોતાના ઘરમાં આવેલ લોખંડના પાઈપ સાથે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લેતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મુકેશભાઈ નસંવતભાઈ હળપતિએ અનાવલ પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આડા સંબંધની શંકામાં પતિએ પત્નીની હત્યા કરી

અંકલેશ્વર GIDCની કાન્હા રેસિડેન્સીમાં ઘટના બની

અંકલેશ્વરઃ અંકલેશ્વર GIDCના કાન્હા રેસિડેન્સીમાં પતિએ પત્નીની હત્યા કરી છે. અંકલેશ્વર GIDCમાં ગોલ્ડન પોઈન્ટ ચોકડી પાસે આવેલી કાન્હા રેસિડેન્સીના સિક્યુરિટી રૂમમાં આ ઘટના બની હતી.

જેમાં વોચમેન ટેકબહાદુર ભીમ બહાદુર ચંદે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં તેની જ પત્ની લક્ષ્મીચંદના માથામાં બોથડ પદાર્થ મારી હત્યા કરી હતી. આ હત્યા આડા સંબંધોની શંકાને કારણે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં કરાઈ હોવાનું ચર્ચામાં છે. GIDC પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. હત્યામાં આરોપી પતિ ટેકબહાદુર ભીમ બહાદુર ચંદની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જોકે હત્યાનું ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

લાકડા હટાવવા મુદ્દે વિવાદમાં મહિલાને માર માર્યો

ચિકદાઃ ડેડીયાપાડાના સોલીયા ગામે રસ્તા પરથી લાકડા હટાવવા મુદ્દે ઊભા થયેલા વિવાદમાં એક મહિલાને માર મારવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સોલીયા ગામની ૪૪ વર્ષીય નિરમાબેન વસાવાએ ગત તા. ૨૪મી ઓક્ટોબરના રોજ સાંજે ઘર નજીકના રસ્તા પરથી ટ્રેક્ટર પસાર કરતી વખતે લાકડા હટાવ્યા હતા. આ દરમિયાન સુરપસીંગભાઈ વસાવાએ તેમને વાંધો ઉઠાવી ગાળો બોલીને વિવાદ વકર્યો હતો તથા લાકડીથી મારવાનો પ્રયાસ કર્યો હતો. બચાવ કરવા માટે નિરમાબેને હાથ આગળ કરતાં તેમના ડાબા હાથના કાંડાથી ઉપરના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ બનાવ અંગે ડેડીયાપાડા પોલીસમાં ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી

સોનગઢમાં યુવકના આપઘાતમાં આરોપી બે દિવસના રિમાન્ડ પર

સોનગઢઃ સોનગઢના મુસ્લિમ ફળિયામાં મિલકત વિવાદને લઈને યુવક દીપક ગોવિંદભાઈ નાયરના આપઘાતના મામલે પોલીસે નોંધેલા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. કોર્ટે પોલીસને આગામી તા.૨૬ ઓક્ટોબર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આરોપીઓની પૂછપરછમાં મિલકત વિવાદ, ધમકીઓ અને યુવકને આપવામાં આવેલા માનસિક ત્રાસ અંગે ફરિયાદમાં જણાવ્યું હતું, જે વધુ વિગતો બહાર લાવવા મૃતકની માતાની ફરિયાદના આધારે પોલીસે દુષ્પ્રેરણ સહિતના આક્ષેપો હેઠળ ગુનો નોંધ્યો છે. ઘટનાને પગલે સોનગઢમાં ભારે ચકચાર નો માહોલ જોવા મળી રહ્યો છે.

પલસાણામાંથી ગાંજા સાથે એક ઈસમ ઝડપાયો, બે વોન્ટેડ

પલસાણાઃ સુરત ગ્રામ્ય એન્ટી નાર્કોટિક્સ વિંગના પીએસઆઈ દિનેશભાઇ રાઠવા અને તેમની ટીમે પલસાણા ગામે પઠાણપાર્કમાં શારદા મિલ સામે ખુલ્લા મેદાનમાં રેડ કરીને ગાંજાનું વેચાણ કરતાં સાગર તારસિંગ પાડવી (હાલ રહે., પરવેઝ પાર્ક, પલસાણા અને મૂળ કુકરમુંડા, તાપી)ને ઝડપી પાડી ૦.૧૫૩ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો કિંમત રૂ. ૭,૬૫૦ સહિત કુલ રૂ. ૧૩,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. વોન્ટેડ આરોપી ચંદન યાદવે સાગરને કામે રાખ્યો હતો અને ચંદનના માણસ વિનયે આ ગાંજાનો જથ્થો છૂટક વેચાણ કરવા માટે આપ્યો હતો. પોલીસે ગાંજો પૂરો પાડનાર ચંદન યાદવ અને વિનય (બંને રહે., પલસાણા)ને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કડોદરામાં ખંડેર મકાન પરથી પટકાતા સારવાર દરમિયાન આધેડનું મોત

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના જલગાંવના વતની અને હાલ કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટીમાં ઓપેરા સ્ક્વેર ખાતે રહેતા ૪૪ વર્ષીય વિજય દયારામ પાટીલ ગત તારીખ ૧૨ ઓક્ટોબરે સવારે શ્રીનિવાસ ગ્રીન સિટીની સામે ગૌચરની જગ્યામાં આવેલા એક ખંડેર મકાન પર ગયા હતા. આ દરમિયાન મકાનના પહેલા માળેથી અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ અકસ્માતે નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત વિજયભાઈને તાત્કાલિક સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. કડોદરા જી.આઈ.ડી.સી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કુકરમુંડામાં તાપી નદીમાં ડૂબી જવાથી ૫૬ વર્ષીય વ્યક્તિનું મોત

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકામાં તાપી નદીના કાવઠા પુલ પરથી નદીમાં પડ્યા બાદ ડૂબી જવાથી કુકરમુંડામાં મદ્રેસાની બાજુમાં રહેતા ૫૬ વર્ષીય નિશીકાંતભાઈ પાવુલભાઈ માટેનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. તેઓ GJ26-AE-4252 નંબરની સ્વિફ્ટ કાર લઈને ઘરેથી નીકળ્યા હતા. આ બનાવ અંગે કુકરમુંડા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભેરસમ નજીક કેમિકલ વેસ્ટ ટેન્કરે પલટી મારી

વાગરા તાલુકાના ભેરસમ વસાહત નજીક આજે કેમિકલ વેસ્ટ ભરેલું ટેન્કર પલટી જતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. ટેન્કર નાળા સાથે અથડાતાં અકસ્માત એટલો ગંભીર બન્યો કે ટેન્કરની કેબિનનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો, જ્યારે આગળના ટાયર પણ છૂટા પડી ગયા હતા. સદનસીબે, પ્રાથમિક અહેવાલો મુજબ આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ભેરસમ વસાહત નજીકથી પસાર થઈ રહેલું કેમિકલ વેસ્ટ ભરેલું ટેન્કર નાળા સાથે અથડાયા બાદ પલટી મારી ગયું હતું. રસ્તાની વચ્ચે જ ટેન્કર પલટી જતાં વાહનચાલકોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો અને વાહનવ્યવહાર પણ પ્રભાવિત બન્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, ટેન્કરમાં કેમિકલ વેસ્ટ ભરેલો હતો અને તે સાયખા GIDC તરફ જઈ રહ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર દોડી આવ્યું હતું અને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. ટેન્કરને રસ્તા પરથી હટાવવા તથા વાહનવ્યવહારને સુવ્યવસ્થિત કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઓલપાડના કપાસીના ઝીંગા તળાવ પર મજૂરની હત્યામાં આરોપી ઝડપાયો

ઓલપાડ પોલીસમાં ૧૮ દિવસ પહેલા નોંધાયેલો મારામારીનો ગુનો હત્યાના ગુનામાં ટ્રાન્સફર

સાયણઃ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કપાસી ગામે ઝીંગા તળાવ પર મજૂરી કામ કરતા ઝારખંડના આધેડ મજૂર ઉપર વતનના જ અન્ય યુવકે લાકડીના ડંડાથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત આધેડનું મોત નીપજતા પોલીસે ગુનો હત્યામાં ટ્રાન્સફર કરી ફરાર આરોપી યુવકને ઝારખંડથી ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કપાસી ગામની સીમમાં તુષાર હરીલાલ પટેલના ઝીંગા તળાવ આવેલા છે. . ગત ૭ ઓક્ટોબરના રોજ આ પડાવમાં રહેતા ૨૫ વર્ષીય યુવક મુન્ના કોટોવારે સાથી મજૂર બસલેન કછુઆ (સારંગા ગામ) સાથે કોઈ કારણોસર લડાઈ-ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈને લાકડીના ડંડાથી હુમલો કરતા આધેડ બેભાન થઈ ગયા હતા.

આ ઘટના અંગે શરૂઆતમાં ઓલપાડ પોલીસ મથકે આરોપી વિરુદ્ધ મારામારીની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગંભીર હુમલામાં માથાના ભાગે જીવલેણ ઈજા થવાથી બસલેન કછુઆને સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, તબિયતમાં સુધારો ન જણાતા પરિવારજનો તેમને વધુ સારવાર માટે વતન ઝારખંડ લઈ જઈ રહ્યા હતા, તે દરમિયાન રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું.

મૃતકના પુત્ર રોહન કછુઆએ ઝારખંડના આનંદપુર પોલીસ મથકે આરોપી મુન્ના વિરુદ્ધ ખૂનની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ ઓલપાડ પોલીસ મથકે ટ્રાન્સફર થતા પોલીસે અગાઉ નોંધાયેલા મારામારીના ગુનામાં હત્યાની કલમોનો ઉમેરો કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

ઓલપાડ પોલીસની તપાસમાં આરોપી મુન્ના કોટોવાર વતનમાં નાસી છૂટ્યો હોવાનું જણાઈ આવતા પોલીસની એક ટીમ ઝારખંડ રવાના થઈ હતી. પોલીસે ગત ૨૪મી તારીખે આરોપી મુન્ના કોટોવારને ઝડપી પાડી ઓલપાડ પોલીસ મથક ખાતે લઈ આવી હતી. આ ગુનામાં અન્ય કોઈ શખ્સોની સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ હાથ ધરીને પોલીસે આરોપીને પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવા ઓલપાડ કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ચિંબાપાણી-દોધનવાડી ગામે દીપડો પાંજરે પુરાયો

ચિકદા, સાગબારાઃ સાગબારાના ચિંબાપાણી-દોધનવાડી ગામે નાનસિંગભાઈ વનસિંગભાઈ વસાવાના ઘર પાસે દીપડાના હુમલામાં દૂધાળી ગાયનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે ઘટનાસ્થળ નજીક પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. વન વિભાગે સતત બે દિવસ સુધી પ્રયાસો કર્યા બાદ આખરે દીપડાને પાંજરે પુરવામાં સફળતા મેળવી હતી.

વાલિયાના લુણામાં જુગાર રમતા 6 ઝડપાયા, 5 ફરાર

નેત્રંગઃ વાલિયા પોલીસને બાતમી મળી હતી કે લુણા ગામે સોનેરી ફળિયા પાસે નદી કિનારે બાવળિયાના ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમે છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરી ૬ ઈસમને ઝડપી પાડ્યા હતા જ્યારે ૫ ઈસમ પોલીસને જોઈ નાસી ગયા હતા. ઝડપાયેલા / વોન્ટેડ આરોપીઓમાં જયેશ અજીત વસાવા, વિશાલ નાગજી વસાવા, અજય ગંભીર વસાવા, વિક્રમ ઈશ્વર વસાવા, સુનિલ ઉર્ફે સચિન અમરસિંહ વસાવા, અવિનાશ દિલીપ વસાવા, યોગેશ છત્રસિંહ વસાવા, દિનેશ વેચાણ વસાવા, રામુ કાનજી વસાવા, મહેશ જશવંત વસાવા, જગદીશ ગણપત વસાવાનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી કુલ રૂ.૧૭૧૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉકાઈમાં નહેરમાં ડૂબી જતાં માનસિક અસ્વસ્થ આધેડનું મોત

વ્યારાઃ ઉકાઈના ભૂરીવેલ ગામે કાંટી ફળિયામાં રહેતા પાનીયાભાઈ શાંતિયાભાઈ કાથુડ છેલ્લાં પાંચેક વર્ષથી માનસિક રીતે અસ્વસ્થ હતાં, શનિવારે ઘરેથી ઉકાઈ જીઇબી તરફ જાઉં છું કહી નીકળ્યા બાદ બીજા દિવસે ઉકાઈ ડાબા કાંઠા નહેરમાં થર્મલ પાવર સ્ટેશનની અંદર જવાનાં લોખંડની જાળી લગાવેલ ગેટ નં. 4 પાસે પાણીમાં મૃત હાલતમાં મળી આવ્યાં હતાં. જે અંગે પોલીસે મૃતકની પત્નીની ફરિયાદ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

કાંટીપાડા ગામેથી રૂ.3.16 લાખનો દારૂ ઝડપાયો

નેત્રંગઃ નેત્રંગ-મોવી રોડ પર આવેલા કાંટીપાડા ગામના નિશાળ ફળિયામાં રહેતો દીપક ઇન્દુ વસાવા વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવી પોતાના ઘરે અને આસપાસના ઘરોમાં સંતાડી છૂટક વેચાણ કરતો હોવાની ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળતા રેડ કરી હતી. તપાસ દરમિયાન દીપકના ઘર નજીક રહેતા રિતેશ ભગુ વસાવાના ઘરેથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. દારૂની બોટલો અને બિયર ટીન મળી કુલ નંગ ૧૮૫૮ જેની કિંમત રૂ.૩,૧૬,૫૭૪નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી દીપક ઇન્દુ વસાવા અને રિતેશ ભગુ વસાવા (બંને રહે. કાંટીપાડા, તા. નેત્રંગ)ને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

નેત્રંગમાંથી 54 હજારનો દારૂ ઝડપાયો, બે બુટલેગર વોન્ટેડ

નેત્રંગઃ નેત્રંગ પોલીસે તાલુકાના બે ગામમાં રેડ કરી રૂ.૫૪,૫૫નો દારૂનો જથ્થો ઝડપી પાડી બે બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા છે. બાતમીના આધારે રેડ કરતાં જૂની પીંગોટના નિશાળ ફળિયામાં રહેતો વિરેન્દ્ર વસાવાના ઘરેથી વિદેશી દારૂની ૨૬ બોટલ (કિંમત રૂ. ૩૯૦૦) અને કોયલીમાંડવી ગામના વડ ફળિયામાં રહેતો વિપુલ વસાવાના ઘરેથી ૭ બોટલ (કિંમત રૂ.૧૫૫૫) મળી કુલ 33 બોટલ, કુલ રૂ. ૫૪૫૫નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ઘંજાબામાં દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

સોનગઢઃ સોનગઢ પોલીસે બાતમીના આધારે ઘંજાબા ગામના તાડ ફળિયામાં રોડ પર વોચ ગોઠવી સ્પ્લેન્ડર મોટરસાયકલ (નં. GJ-26-H-6724) પર આવતા પ્રકાશભાઈ જીવાભાઈ વસાવા (રહે., ઘંજાબા, તાડ ફળિયું)ને અટકાવી તપાસ કરતાં બેગમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૯૬ બોટલ, જેની કિંમત રૂ.૯,૬૦૦ થાય છે, મળી આવી હતી. પોલીસે રૂ.30,000ની બાઈક સહિત કુલ રૂ.૩૯,૬૦૦ની મતા જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સર્વિસિંગ માટે આપેલી બાઇક ગેરેજ માલિકે બારોબાર વેચી નાંખી

અંકલેશ્વરઃ ફરિયાદી પ્રવીણકુમાર ઓમપ્રકાશ રાય (ઉં.વ. 36, રહે., રાધાકૃષ્ણા રેસિડેન્સી, ચાવજ, તા. ભરૂચ)ના જણાવ્યા મુજબ, તેમની માલિકીની ઓલા કંપનીની એસ.1 પ્રો ઇલેક્ટ્રિક મોપેડ (નં. GJ-16-DM-5458) ગત વર્ષ જુલાઈ 2025માં સર્વિસિંગ માટે અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે આવેલા લાઇઝોન લાઇટ હાઉસની પાછળ સર્વિસની દુકાન ધરાવતા આરોપી આરિફભાઈ સલીમભાઈ ખત્રીને આપી હતી. ફરિયાદમાં જણાવાયું છે કે, સર્વિસિંગના પૈસા અંગે અણબનાવ થતાં ફરિયાદી તા. 09/09/2026ના રોજ પોતાના માતા મધુબાલા ઓમપ્રકાશ રાય સાથે ગાડી લેવા ગયા હતા. તે વખતે આરોપીએ ફરિયાદીને જણાવ્યું કે, તેમની ગાડી તેઓની જાણ બહાર કોઈને અથવા ભંગારમાં વેચી દેવામાં આવી છે. જ્યારે ફરિયાદીએ ગાડી પરત માગી તો આરોપીએ ધમકી આપી હતી. આ અંગે અંકલેશ્વર સિટી પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલ પોલીસ આરોપી આરિફભાઈ ખત્રીની શોધખોળ કરી રહી

Milano
MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer - 12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm
Pahla Pyaar Doosri Baar
11:00am
Damru-Gujarati-
02:00pm, 09:00pm
418 - 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

ભરૂચ જિલ્લા ભાજપની બેઠકમાં ગેરહાજર 25 સભ્યને નોટીસ

ચૂંટણી પહેલાં શિસ્તભંગ સામે સીધો સંકેત, 5 દિવસમાં ખુલાસો માંગ્યો

ભરૂચઃ આગામી વિધાનસભા ચૂંટણીમાં એકાદ વર્ષ બાકી હોવાના કારણે ભરૂચ જિલ્લા ભાજપ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. પક્ષમાં શિસ્ત અને નિયમિતતાને લઈને જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડે કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા. 22મી ઓક્ટોબરના રોજ ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના સભાખંડમાં ભાજપ દ્વારા એક મહત્ત્વની સંગઠનાત્મક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગેરહાજર રહેનારા ચૂંટાયેલા સભ્યો સામે જિલ્લા પ્રમુખે નોંધ લીધી હતી. ભરૂચ અને અંકલેશ્વર સહિત તમામ વિસ્તારો માટે યોજાયેલી આ બેઠકમાં જંબુસર નગરપાલિકાના 16 પૈકી 15 સભ્યો તેમજ જંબુસર તાલુકા પંચાયતના 10 સભ્યો ગેરહાજર રહ્યા હતા.પક્ષની મહત્ત્વની બેઠકમાં ગેરહાજર રહેનારા સભ્યો સામે જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ દ્વારા 25 સભ્યોને તાત્કાલિક ધોરણે લેખિત નોટીસ ફટકારવામાં આવી છે. આ નોટીસમાં મહત્ત્વની બેઠકમાં ગેરહાજર રહેવાનું યોગ્ય કારણ દર્શાવી આગામી 5 દિવસમાં લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે.

સંગઠનમાં કોઈ પણ પ્રકારની શિથિલતા કે બેદરકારી સહન કરવામાં નહીં આવે તેવો સ્પષ્ટ સંદેશો પ્રદેશ અને જિલ્લા નેતૃત્વ દ્વારા આપી દેવામાં આવ્યો છે.ચૂંટણી નજીક આવી રહી હોવાના સંજોગોમાં સંગઠનમાં આ પ્રકારની શિસ્તભંગની પ્રવૃત્તિ સામે હવે ચલાવી ન લેવાય એવો સીધો સંકેત આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ ઘટનાએ ભરૂચ જિલ્લાના રાજકીય આલમમાં તેમજ ભાજપના આંતરિક વર્તુળોમાં ભારે ચર્ચા અને ગરમાટો ઊભો કર્યો :s.

અંત્રોલીમાં નહેર ડૂબી ગયેલા પિતા-પુત્ર પૈકી પુત્રની લાશ મળી

પિતા સાથે નહેરમાં પડી જતાં 19 વર્ષીય દર્શન લાઠીયાનું મોત

સાયણઃ ઓલપાડના પરીયા ગામની સીમમાંથી પસાર થતી કાકરાપાર ડાબા કાંઠાની મોટી નહેરમાં પાણીમાં ડૂબી જવાથી એક યુવાનનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

મરણજનાર દર્શન વિપુલભાઈ લાઠીયા (ઉં.વ.19, રહે., A 202 તીર્થ રેસિડેન્સી, ઉત્રાણ, સુરત શહેર, મૂળ અમરેલી) તારીખ 23/10/2025 ના રાત્રે 8 વાગ્યાથી તા. 24/10/2025 ના સાંજે 5 વાગ્યા દરમ્યાન અંત્રોલી ગામની સીમમાં આવેલી કાકરાપાર નહેરના ઊંડા પાણીમાં પોતે તથા તેના પિતા સાથે પડી જતાં ડૂબી ગયો હતો. ત્યારબાદ તેની લાશ પરીયા ગામની સીમમાંથી પસાર થતી નહેરમાં તણાઈ આવેલી હાલતમાં મળી આવી હતી. જે અંગેની જાણ થતાં પોલીસ દોડી આવી હતી. પોલીસે જણાવ્યા મુજબ મરણજનારના પિતા વિપુલભાઈ લાઠીયા છેલ્લા ચાર માસથી કન્સ્ટ્રક્શન લાઈનમાં કામ ન મળવાને કારણે આર્થિક તંગી અનુભવતા હતા અને ઘરમાં તણાવ રહેતો હતો. મરણજનાર દર્શન પણ અસ્થિર મગજનો હોય તણાવમાં રહેતો હતો.

આ બનાવ અંગે જાહેરાત આપનાર મુકુંદભાઈ કનુભાઈ લાઠીયા એ તા. 24/10/2025 ના રોજ સાયણ આઉટપોસ્ટ અને ઓલપાડ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઓલપાડ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

કીમ-કોસંબા રેલવે ટ્રેક પરથી અજાણ્યાનો મૃતદેહ મળ્યો

કીમઃ ઓલપાડ તાલુકામાં કીમ અને કોસંબા રેલવે સ્ટેશન વચ્ચે ડાઉન લાઈન પર રેલવે ટ્રેકના કિનારેથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. યુવકની ઉંમર આશરે 30થી 35 વર્ષની હોવાનું જાણવા મળ્યું છે. જોકે, મૃતકની ઓળખ હજી થઈ શકી નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, તા. 24 ઓક્ટોબર, 2026ના રોજ કોસંબા રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્તર નિરજકુમાર રામબાલક પ્રસાદને રેલવે ટ્રેક નજીક મૃતદેહ પડ્યો હોવાની જાણ થતાં તેમણે સંબંધિત રેલવે પોલીસને લેખિત મેમો મોકલ્યો હતો. આ મેમોના આધારે સુરત રેલવે પોલીસની કોસંબા આઉટપોસ્ટના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક વિગતો અનુસાર, કોઈ ટ્રેનની અડફેટે આવતાં યુવકના માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હોવાનું જણાય છે.

VHPના પ્રમુખ ડો. પ્રવિણ તોગડીયા મોટી પારડી ગામની મુલાકાતે

ખેડૂતોએ સિંચાઈ સહિતના પ્રશ્નોની રજૂઆત કરી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા નજીક આવેલા મોટી પારડી ગામની આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ડોક્ટર પ્રવીણ તોગડીયાએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. નાના સરખા ગામમાં પધારતાં તેમના સન્માન માટે ગામ લોકો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે આદિજાતિ સમાજની દિકરી દ્વારા કળશ યાત્રાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. માહ્યાવંશી સમાજના આગેવાન સીમોદરા ગામના દિનેશભાઈ સોલંકી અને હરેશભાઈ વસાવા તેમજ ઓબીસી સમાજના સહકારી આગેવાન પ્રભાતભાઈ પટેલ (વાંસોલી) દ્વારા ફુલહારથી સ્વાગત કરાવી મોટી પારડી ગામ રાજપુત સમાજ દ્વારા એક સૌને સાથે રાખી સનાતન ધર્મમાં એકરાગીતાનો વ્યાપ વધે એ બાબત એક નવો દૃષ્ટીકોણ અભિગમ દાખવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખેડૂત આગેવાન કેતન ભટ્ટ દ્વારા દુષ્કાળ આધિન પરિસ્થિતિ બાબત ખેડૂતોના સિંચાઈ અનિયમીતતા, ખેડૂતોની તકલીફો બાબત રજૂઆત કરવામાં આવી હતી. ડો. પ્રવિણભાઈ તોગડીયાએ સરકાર ખેડૂતોની મુશ્કેલી સમજી ખેડૂતોની વચ્ચે જઈ ખેડૂતોને કેમ મદદરૂપ થઈ શકાય એ બાબત ઉપર ભાર મુકયો હતો.

આ પ્રસંગે યજમાન ભુપેન્દરસિંહ કોસંમીયા, કેતન ભટ્ટ (ખેડૂત આગેવાન), ઈન્દજીત સિંહ પરમાર (ડિરેકટર, પંડવાઈ સુગર) તેમજ શ્રી સુરેન્દ્રસિંહ મહીડા (એડવોકેટ) સહિત મોટી સંખ્યામાં ગામ્યજનો હાજર રહ્યા હતા.

ભરૂચ પાલિકાના કામમાં 13 વર્ષનો બાળશ્રમિક મળી આવ્યો

સુરતના કોન્ટ્રાક્ટર સામે ગુનો નોંધાયો

ભરૂચઃ ભરૂચ શહેરમાં બાળમજૂરી નાબૂદી માટે શ્રમ વિભાગની ટીમે હાથ ધરેલી કાર્યવાહીમાં ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભરૂચ નગરપાલિકાના સત્તાવાર વર્ક ઓર્ડર હેઠળ સ્ટેશન રોડ પર સિટી સેન્ટર સામે ચાલી રહેલા સિવિલ કામમાંથી 13 વર્ષના બાળશ્રમિક તરીકે કામ કરતો ઝડપી પાડી મુક્ત કરાવવામાં આવ્યો છે.

સરકારી કામમાં જ બાળમજૂરી થતી હોવાની આ ઘટનાને પગલે શ્રમ અધિકારીએ બેદરકાર કોન્ટ્રાક્ટર સામે એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, આ કામગીરી માટે ભરૂચ નગરપાલિકા દ્વારા ગત 30 માર્ચ, 2026ના રોજ કોન્ટ્રાક્ટર કૌશલ દેવીદાસ હરપલાણી (રહે., હનીપાર્ક રોડ, અડાજણ, સુરત) ને સત્તાવાર વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. રેડ દરમિયાન ઘટનાસ્થળે કોન્ટ્રાક્ટરના જવાબદાર વ્યક્તિ તરીકે સુપરવાઈઝર ધામત હાર્દિક કિરણ હાજર હોવાનું પણ નોંધવામાં આવ્યું હતું.

કાયદા અનુસાર 14 વર્ષથી ઓછી ઉંમરના બાળક પાસે મજૂરી કે જોખમી કામ કરાવી શકાતું નથી. બાળશ્રમિક પાસે કામ કરાવતા પકડાયેલા માલિક કે કોન્ટ્રાક્ટરને 6 મહિનાથી લઈને 2 વર્ષ સુધીની સખ્ત જેલની સજા થઈ શકે છે.

ગુનેગારને રૂ.20 હજારથી લઈને રૂ. 50 હજાર સુધીનો આર્થિક દંડ ફટકારવાની કાયદામાં કડક જોગવાઈ છે. જો કોઈ વ્યક્તિ બીજી વાર બાળમજૂરી કરાવતા પકડાય, તો તેને ઓછામાં ઓછી 1 વર્ષથી લઈને 3 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે.